દાહોદ APMCમાં 1.46 કરોડની ફિલ્મી લૂંટનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો

# પોલીસની ગાડી સાથે બાઈક અથડાતા ત્રણ લૂંટારૂ નાળામાં પટકાયા અને ઝડપાયા

**ફરાર** ત્રણ આરોપીઓની શોધખોળ તેજ, કરોડોની મત્તા અંગે પૂછપરછ શરૂ




(પ્રતિનિધિ) દાહોદ, તા.28

દાહોદ શહેરના ધમધમતા એપીએમસી માર્કેટ વિસ્તારમાં દિવસદાઢે થયેલી 1.46 કરોડની સનસનીખેજ લૂંટનો ભેદ દાહોદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસની ઝડપી કાર્યવાહી દરમિયાન નાસી રહેલા લૂંટારૂઓની બાઈક પોલીસની ગાડી સાથે અથડાતા ત્રણ આરોપીઓ ઈજાગ્રસ્ત હાલતમાં ઝડપાઈ ગયા હતા, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ ફરાર થતા તેમની શોધખોળ તેજ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ દાહોદ શહેરમાં પોલીસ ચોકી પાસે આવેલી બાબુ કાંતિ આંગડિયા પેઢીના કર્મચારીઓ રજુભાઈ પટેલ અને નરેન્દ્રસિંહ સોલંકી મોપેડ પર આશરે 1.41 કરોડની રોકડ તેમજ અંદાજે 5 લાખના સોનાના દાગીના લઈને ગોધરા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સાંજે પાંચ વાગ્યાના સુમારે એપીએમસી માર્કેટ નજીક આવેલા વેરહાઉસ પાસે નંબર પ્લેટ વગરની બે બાઈક પર આવેલા છ શખ્સોએ હુમલો કરી કરોડોની મત્તા લૂંટી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી જગદીશ ભંડારી, એલસીબી અને એસઓજી સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. સમગ્ર જિલ્લામાં એલર્ટ જાહેર કરી તમામ પ્રવેશ અને બહારના માર્ગો પર નાકાબંધી ગોઠવવામાં આવી હતી. તે દરમિયાન તાલુકા પોલીસને મળેલી બાતમીના આધારે જાલદ ગામના રેલવે અંડરબ્રિજ પાસે નાકાબંધી કરવામાં આવી હતી. પોલીસે જોઈ લૂંટારૂઓ બાઈક પર ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ અચાનક તેમની બાઈક પોલીસની ગાડી સાથે અથડાતા ત્રણેય આરોપીઓ રોડ સાઈડના નાળામાં પટકાયા હતા. પોલીસે ગળલિયાવાડના અતુલ મહેશ ભુરીયા, ખરજના પરમેશ્વર પલાશ અને માંડવવાના ગોવિંદ મોહનિયાને ઈજાગ્રસ્ત હાલતમાં નંબર પ્લેટ વગરની બાઈક સાથે ઝડપી પાડ્યા હતા.

લગ્ન બાદ ભૂમિકાબેન સાથે તેના પતિ મોહિતે બે દિવસ સારું રાખ્યું

# દહેજ લાલચુ પતિના ત્રાસથી વાજ આવેલી પરણીતાની પોલીસમાં રાવ

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

મધ્યપ્રદેશના શ્યામપુર ખાતે પરણાવેલી દાહોદની યુવતીએ દહેજ લાલચુ પતિ દ્વારા દહેજની માંગણી કરી તેમજ બીજી પત્ની લાવવા જુદા જુદા બહાને મહેણાં ટોણાં મારી અવારનવાર ગુજારાતા શારીરિક અને માનસિક ત્રાસથી વાજ આવી પોતાના દહેજ લાલચુ પતિ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે.


પ્રાપ્ત અનુસાર દાહોદના ગોધરા રોડ, મુવાલિયા ક્રોસિંગ પાસે રહેતા આનંદકુમાર શ્રીવાસ્તવની દીકરી ૨૯ વર્ષીય ભૂમિકાબેનના લગ્ન મધ્યપ્રદેશના સિહોર જિલ્લાના શ્યામપુર ગામે સાંઈધામ કોલોનીમાં રહેતા મોહિત મનોહરદયાલ શ્રીવાસ્તવ સાથે તારીખ ૨૯-૧-૨૦૨૫ ના રોજ થયા હતા. લગ્ન બાદ ભૂમિકાબેન સાથે તેના પતિ મોહિતે બે દિવસ સારું રાખ્યું હતું. ત્યારબાદ મોહિતનું પોત પ્રકાશ્યું હતું. અને ભૂમિકાબેનને, તું મને ગમતી નથી, મારે તને રાખવી નથી, મારી બીજી બૈરી લાવવાની છે, તું અમારા ઘરનું કામકાજ કરતી નથી. અને તું તારા પિતાના ઘરેથી દહેજમાં કંઈ લાવેલ નથી.

તેમ કહી પિતાને ત્યાંથી દહેજ લાવવા માટે અવારનવાર દબાણ કરી બેફામ બિભત્સ ગાળો બોલી, તું મને છૂટાછેડા આપી દે, નહીં તો હું મરી જઈશ તેવી ધાક ધમકીઓ આપી અવારનવાર નાની-નાની બાબતે ઝઘડો તકરાર કરી તેમજ મહેણાં ટોણાં મારી, દહેજની માંગણી કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતા આવા રોજેરોજના ત્રાસથી વાજ આવી ભૂમિકાબેને આખરે ન્યાય માટે દાહોદ મહિલા પોલીસ સ્ટેશનના દરવાજા ખટખટાવી ન્યાય મેળવવા પોતાના પતિ મોહિત મનોહરદયાળ શ્રીવાસ્તવ વિરુદ્ધ ઉપરોક્ત કેફિયત ભરી ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૧, ૩૫૨(૨) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની અટકાયત કરી છે.

કાળઝાળ ઉનાળાની આકરી ગરમીમાં વન્યપ્રાણીઓને હાલાકી

# મોટા આંબલીયા અને મંડેરના જંગલ વિસ્તારમાં પાણીના હવાડા શોભાના ગાંઠિયા

**ક્યારેક** આ હવાડા ખાલીખમ તો ક્યારેક કાદવ-કિચડવાળા પાણીથી ભરેલા



(પ્રતિનિધિ) સિંગવડ, તા.28

સિંગવડ તાલુકામાં આવેલા મોટા આંબલીયા અને મંડેર ના જંગલ વિસ્તારમાંથી અબોલ વન્યજીવોની ગંભીર પરિસ્થિતિ સામે આવી છે. કાળઝાળ ઉનાળાની આકરી ગરમીમાં વન્યપ્રાણીઓ પોતાની તરસ છિપાવી શકે તે માટે બનાવવામાં આવેલા કોંક્રિટનો પાણીનો હવાડો લાંબા સમયથી તદ્દન ખાલીખમ અને સૂકોભઠ્ઠ પડ્યો છે. જ્યારે એક હવાડામાં ગંદુ કિચડ વાળું પાણી દેખાઈ રહ્યું છે જ્યારે અત્યારના સમયમાં આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સામે ઝુમી રહ્યું છે. ત્યારે આવા સમયે વન્ય પ્રાણીઓના સ્વાસ્થ્ય પર માઠી અસર પહોંચે છે. પાણી વિનાના ખાલીખમ હવાડાના દ્રશ્યો વન વિભાગની ઘોર બેદરકારી છતી કરે છે. સૂકું ઘાસ અને વાંસના ઝુંડ ધરાવતા આ ડુંગરાળ અને પથરાળ જંગલ વિસ્તારમાં દીપડા, અને અન્ય નાના-મોટા જંગલી પ્રાણીઓ વસવાટ કરે છે. આ હવાડામાં પાણી ન હોવાને કારણે મૂંગા પ્રાણીઓ પાણીના એક-એક ટીપાં માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓના જણાવ્યા અનુસાર, જો વન વિભાગ દ્વારા આ હવાડામાં યુદ્ધના ધોરણે ટેન્કર અથવા સ્થાનિક સ્ત્રોત દ્વારા પાણી ભરવામાં નહીં આવે, તો તરસ્યા વન્યજીવો પાણીની શોધમાં જંગલ છોડીને નજીકના તળાવ ડેમ જેવા અને અન્ય ગ્રામ્ય રહેણાંક વિસ્તારો તરફ ધસી આવશે. જેના કારણે માનવ-વન્યજીવ સંઘર્ષ થવાની અને પ્રાણીઓ અકસ્માત કે શિકારનો ભોગ બને તેવી પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે.

મૃતકના પરિવારમાં શોકની લાગણી છવાઇ

# કાલોલ તાલુકાના એરાલથી ગેંગડીયા ચોકડી નજીક ટ્રક પલટી એકનું મોત

પોલીસે આરોપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.28

કાલોલ તાલુકાના એરાલથી ગેંગડીયા ચોકડી રોડ પર પાણીયા પાટીયા પાસે ટ્રક પલટી ખાતા ટ્રકમાં સવાર એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પત્નીએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ મુજબ નાંદરખા નાની મુવાડી ફળિયામાં રહેતા હિનાબેન રાજુભાઈ પટેલ ઉ.વ.૪૦ એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તારીખ ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ સવારે સવા નવ વાગ્યાના અરસામાં તેમના પતિ રાજુભાઈ શાંતીલાલ પટેલ ઉ.વ. ૩૫ ઈંટો ભરેલી ટ્રક નંબર GJ-02-Y-5846 માં બેસીને જઈ રહ્યા હતા તે દરમિયાન એરાલથી ગેંગડીયા ચોકડી રોડ પર પાણીયા પાટીયા પાસેના વળાંકમાં આરોપી ટ્રક ચાલકે પોતાના કબ્જાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં ટ્રકમાં બેઠેલા રાજુભાઈ પટેલને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ અંગે વેજલપુર પોલીસે આરોપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમેરિકા-ઈરાન-ઈઝરાયલ તણાવની વૈશ્વિક અસર : ઈંધણથી લઈને કરિયાણા સુધી ભાવવધારો

# યુદ્ધની અસરથી દાહોદની જનતા ઉપર મોંઘવારીનો માર, રોજિંદી ચીજવસ્તુઓના ભાવમાં 10% સુધી વધારો

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

અમેરિકા, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર દેખાવા લાગી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ફૂડ ઓઈલના ભાવમાં વધારાને કારણે દેશમાં રોજિંદી જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં છેલ્લા એક મહિનામાં 5થી 10 ટકા સુધીનો વધારો નોંધાયો છે. મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગ માટે હાલની પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની રહી છે. આવક સ્થિર હોવા છતાં રોજિંદા ખર્ચમાં સતત વધારો થતાં પરિવારો માટે ઘરખર્ચ સંભાળવો કઠિન બન્યો છે. વેપારીઓ અને આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે જો આંતરરાષ્ટ્રીય તણાવ ને લઈ અને રોજિંદી વસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે દાહોદ શહેર ના વેપારીઓના જણાવ્યા મુજબ ટ્રાન્સપોર્ટેશન, પેકેજિંગ અને સપ્લાય ચેઈન મોંઘી બનતા દૂધ, શાકભાજી, અનાજ કરિયાણું, ફૂડ પ્રોડક્ટ્સ તેમજ સાબુ, શેમ્પુ અને ટૂથપેસ્ટ જેવી દૈનિક વપરાશની વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ LPG, PNG, CNG, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવો પણ સામાન્ય લોકો માટે વધારાનો બોજ બની રહ્યા છે. યુદ્ધ લાંબા સમય સુધી યથાવત રહેશે, તો આગામી દિવસોમાં મોંઘવારી વધુ વધી શકે છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ છેલ્લા અનેક અઠવાડિયાથી ચાલુ છે અને તેની વૈશ્વિક અર્થતંત્ર પર સીધી અસર જોવા મળી રહી છે. દાહોદના વેપારી વર્ગમાં પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે હાલની સ્થિતિ લાંબી ચાલે તો બજારમાં વધુ અસ્થિરતા સર્જાઈ શકે છે. ગૃહિણીઓ પર વધતી મોંઘવારીનો ડબલ માર વધતી મોંઘવારીનો સૌથી વધુ અસર ગૃહિણીઓના બજેટ પર પડી રહ્યો છે. રોજિંદા ઉપયોગની દૂધ, શાકભાજી, અનાજ, તેલ અને કરિયાણાની વસ્તુઓના ભાવ સતત વધતા હોવાથી ઘરખર્ચ સંભાળવો મુશ્કેલ બન્યો છે.

## લાયન્સ ક્લબ ઓફ દાહોદ સિટી દ્વારા કાળઝાળ ગરમીમાં રાહત મળે તે માટે નિશુલ્ક છાશ વિતરણ



**દાહોદ :** લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 f1 રિજિયન ચાર અને જોન બે માં આવેલી લાયન્સ ક્લબ દાહોદ સીટી દાહોદ અને અંતરિયાળ ગામમાં લોકો ઉપયોગી સમાજસેવાના કાર્ય કરે છે તે અંતર્ગત દાહોદ શહેરમાં આવી આવી કાળઝાળ ગરમીમાં લોકોને રાહત મળે તે આશયથી બે દિવસ માટે છાશ નું વિતરણ બસ સ્ટેશન પાસે આવતા જતા મુસાફરો અને જાહેર જનતા માટે કરવામાં આવ્યું હતુ. ત્રાહિમામ પોકારતી ભીષણ ગરમીના હીટવેવમાં બે દિવસ નિશુલ્ક છાશ નો લગભગ 9000 લોકોએ જેટલા લાભ લીધો હતો.

પ્રાંત અધિકારી સુધી પહોંચેલી રજૂઆત બાદ વહીવટી તંત્ર સામે મિલીભગતના આક્ષેપ

# સંજેલીમાં સરકારી ખરાબાની જમીન પર ગેરકાયદેસર બાંધકામ મામલે વિવાદ ગરમાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં સંતરામપુર રોડ પર આવેલી સર્વે નંબર-6ની સરકારી ખરાબાની જમીન પર ગેરકાયદેસર નાળું બનાવવાના મામલે ભારે વિવાદ સર્જાયો છે. ગેરકાયદેસર બાંધકામના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જતા સ્થાનિક રહેણાંક સોસાયટીઓ અને માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સ્થાનિકોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી તથા સ્થાનિક વહીવટી તંત્ર ઘટના સ્થળે પહોંચ્યું હતું અને ગેરકાયદેસર નાળું તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જોકે, થોડા સમય



બાદ ફરી રાતોરાત નાળું બનાવાતા સમગ્ર મામલો ફરી ચર્ચામાં આવ્યો છે. સ્થાનિક જાગૃત નાગરિકોએ ઝાલોદ પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆત મુજબ સર્વે નંબર-6ની સરકારી ખરાબાની 8 ગુમઠા જમીનમાં નવી નકલમાં માત્ર 5 ગુમઠા દર્શાવાતા 3 ગુમઠા જમીન ક્યાં ગાયબ થઈ તે અંગે ગંભીર સવાલો ઉઠ્યા છે. આક્ષેપ મુજબ સંજેલી પંચાયતે વિવાદિત જમીન પર બાંધકામની કોઈ મંજૂરી આપી ન હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે કેટલાક સરકારી કર્મચારીઓ અને ભૂમાફિયાઓની મિલીભગતના કારણે સરકારી જમીન પર દબાણ વધ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પંચાયત દ્વારા અગાઉ જમીનની માપણી કરી ફેન્સીંગ વાડ ઉભી કરાઈ હતી, પરંતુ થોડા જ સમયમાં વાડ ગાયબ થઈ ગઈ અને ફરીથી નાળાનું બાંધકામ શરૂ થઈ ગયું. તાલુકા પંચાયત, મામલતદાર, તલાટી અને TDOને વારંવાર રજૂઆત કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતા મામલો જિલ્લા સ્તર સુધી પહોંચ્યો છે.

# જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતા હેઠળ આઈસીડીએસ વિભાગની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

દાહોદ જિલ્લા પંચાયત સભાખંડ ખાતે જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢાની અધ્યક્ષ સ્થાને દાહોદ જિલ્લાના તમામ સંકલિત બાળવિકાસ અધિકારી ની બેઠક યોજાઈ જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા એ જણાવ્યું કે "ઝડપી યોજનાના તમામ લાભાર્થીઓને તમામ પ્રકારના લાભ મળે તે માટે આદર્શ આંગણવાડી કેન્દ્ર માટેની કામગીરી કેવી રીતે કરવી અને કામગીરીની ગુણવતા સુધારવા માટે શું કરવું અને તેના આધારે વર્કર હેલ્પર અને આંગણવાડીનું મૂલ્યાંકન કરવા માટેના ધારાધોરણો નક્કી કરવા આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓના કવરેજ વધારીને વધુમાં વધુ લાભાર્થીઓને લાભ આપી પોષણ સ્તરમાં સુધારો લાવવો. આંગણવાડીના સમય બાદ ગામના તમામ બાળકો, કિશોરીઓ, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓની નોંધણી પૂર્ણ કરવી. અને બાળકોની સાથે તેમના માતા પિતાની ગૃહ મુલાકાત કરી પોષણ સુધારા માટે શિક્ષણ આપવું જરૂરી છે. બાળકો કિશોરીઓ ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને આપવામાં આવતી પોષણ કીટ નિયમિત વિતરણ કરવું, અને આંગણવાડી કેન્દ્ર પર બનાવેલ પૌષ્ટિક આહાર સ્વાદિષ્ટ અને પોષણયુક્ત બાળકોને મળી રહે તે બાબતે કાળજી રાખવી. જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ તમામ સી.ડી.પી.ઓ ને સૂચન કર્યા હતા. દરરોજ આંગણવાડી મુલાકાત દરમિયાન બાળકને રાબ પીવડાવતી વાળી અને બાળક સાથેનો વિડિયો વોટસએપ ગ્રુપમાં અને સોશિયલ મીડિયા પર અપલોડ કરવા તમામ મુખ્ય સેવિકાને સૂચના આપવામાં આવી હતી.

# પંચમહાલ-દાહોદ જિલ્લામાં ઇદ-ઉલ-અદહાની ઉજવણી કરાઇ

## ગરબાડામાં બકરી ઈદની નમાઝ અદા કરાઈ : મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળી ઉજવી ઈદ



**ગરબાડા :** ગરબાડા નગર સહિત સમગ્ર પંથકમાં ઇસ્લામ ધર્મના પવિત્ર તહેવાર 'ઈદ-ઉલ-અઝહા' (બકરી ઈદ) ની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ગરબાડાની ઐતિહાસિક જુમ્મા મસ્જિદ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકત્રિત થયા હતા અને ઈદની પવિત્ર નમાજ અદા કરી હતી. જુમ્મા મસ્જિદના પેશ ઈમામ દ્વારા ઈદની વિશેષ નમાજ પઢાવવામાં આવી હતી. તેમણે ઈદ-ઉલ-અઝહાની કુરબાનીના મહત્વ વિશે વિસ્તૃત સમજણ આપી હતી. નમાજ સંપન્ન થયા બાદ મસ્જિદમાં ઉપસ્થિત તમામ મુસ્લિમ બિરાદરોએ દેશમાં શાંતિ, એકતા, ભાઈચારો અને ખુશહાલી જળવાઈ રહે તે માટે વિશેષ દુઆઓ માંગી હતી. નમાજ બાદ તમામ લોકોએ એકબીજાને ગળે મળીને 'ઈદ મુબારક' કહી તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. નાના બાળકોથી લઈને વડીલોમાં ઈદને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગરબાડામાં પરંપરાગત ભાઈચારા અને કોમી એકતાના દર્શન સાથે બકરી ઈદની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

## કાલોલ નગરમાં બકરી ઈદ (ઈદુલ-અદહા) ની વિશેષ નમાઝ સાથે દુવા કરાઈ



**કાલોલ :** સમગ્ર દેશ ભરમાં મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર એવા ઈદુલ અદહા એટલે કે બકરી ઈદની ઉજવણી કરવામાં આવી હતી.જેને લઈ કાલોલ નગર સહિત પંથકમા આજે ગુરુવારનાં રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદ ની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. નગરના નુરાની કબ્રસ્તાન ખાતે આવેલ ઇદગાહ અને આશીયાના સોસાયટી ખાતે આવેલ અલેફ મસ્જિદ, કાલોલ નવી પોસ્ટ ઓફિસ સામે આવેલ રબ્બાની મસ્જીદ, પોલીસ સ્ટેશન સામે આવેલ મોહમંદી મસ્જિદ ખાતે ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી.જ્યારે ઇદગાહ ખાતે કાલોલ જુમ્મા મસ્જિદ નાં ઈમામ મોલાના ગુલામ ગૌસ કાદરી દ્વારા નમાઝ અદા કરવામા હતી.

## હાલોલ નગર સહિત પંથકમા બકરી ઇદ (ઈદુલ-અદહા)ની ઉજવણી આનંદ ઉત્સાહના વાતાવરણમાં કરાઈ



**હાલોલ :** સમગ્ર દેશ ભરમાં મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર એવા ઈદુલ અદહા એટલે કે બકરી ઈદની ઉજવણી આજે ગુરુવાર ના રોજ કરવામાં આવી હતી જેને લઈ હાલોલ નગર સહિત પંથકમા આજે ગુરુવાર નાં રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદ ની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી.નગરના પાવાગઢ રોડ પર કબ્રસ્તાન ખાતે આવેલ ઇદગાહ અને મોહમંદી સ્ટ્રીટ ખાતે આવેલ નૂરાની મસ્જિદ ખાતે ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી.જ્યારે ઇદગાહ ખાતે હાલોલ જુમ્મા મસ્જિદ નાં ઇમામ સૈયદ ઈલ્યાસ બાપુ દ્વારા નમાઝ અદા કરવામાં હતી.જ્યારે પાવાગઢ રોડ પર આવેલ નૂરાની મસ્જિદ ખાતે પણ મસ્જિદ નાં ઇમામ મૌલાના વસીમ મામજી દ્વારા ઇદની નમાઝ અદા કરવામાં હતી.જ્યારે ઇદગાહ ખાતે મૌલાના યાકુબ રઝવીએ તકરીર ફરમાવી હતી. નગરમાં બકરી ઈદ ને લઇ વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોમાં ભારે થનગનાટ જોવા મળ્યો હતો અને અવનવા પોષાક તેમજ મુસ્લિમ બિરાદરો તેઓના માથા પર સાફા માં સજ્જ જોવા મળ્યા હતા.